## ખેડૂતોની સફળતાની ગાથા - 1

વર્ષ: ૨૦૨૧

ઉજ્જડ જમીનમાં ખજૂર અને એપલ બોર ની ખેતી

અનિલભાઈ  કરસનભાઈ સુતરીયા

ગામ: તણસવા, તાલુકો: ઉપલેટા, જીલ્લો: રાજકોટ

| | | |
|---|---|---|
| નામ | અનિલભાઈ  કરસનભાઈ સુતરીયા |  |
| ઉંમર | ૪૮ વર્ષ | |
| શિક્ષણ | ૧૨ પાસ | |
| વ્યવસાય | કૃષિ, પશુપાલન | |
| કાયમી સરનામું | ગામ: તણસવા, તાલુકો: ઉપલેટા, જીલ્લો: રાજકોટ | |
| ખેતીની જમીન | ૩ એકર | |
| સિંચાઈનો સ્ત્રોત | ટ્યુબવેલ | |

**અપનાવેલ નવીન અભિગમ**

ખેતીમાંથી વધુ ઉત્પાદન અને વધારે વળતર મેળવવા માટે તેઓ હંમેશા નવીનતમ  ટેકનોલોજી અપનાવે છે. તનસવા ગામના આસપાસના ગામોના ખેડૂતોને પ્રોત્સાહિત કરીને ૩૦ થી ૩૫ ખેડૂતો તેમની ઉજ્જડ જમીનમાં આ પ્રકારનો પાક લેવા તૈયાર ત્યાં છે.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, પીપળીયા ના માર્ગદર્શન હેઠળ તેમને ખજુર તથા એપલ બોર  જેવા બાગયતી પાકોના ઉત્પાદન કરવા માટે માહિતી મેળવેલ હતી. તેઓ ઉપલેટા તાલુકાના ખેડૂત મિત્રો ને બાગાયતી પાકો નું વાવેતર કરી સારું ઉત્પાદનો મેળવા  માટે જાગૃતિ, ખેડૂત સમુદાયો માટે બાગાયતી ખેતી અપનાવવા માટે કાર્ય કરે છે.

**આવકની માહિતી**

અનિલભાઈ એ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી અને ખજૂર અને એપલબોર ની ખેતીનું જ્ઞાન મેળવ્યું હતું. કૃષિ યુનિવર્સિટીની ભલામણ કરાયેલી બધી પદ્ધતિઓનો ઉપયોગ કરીને ૧.૩૦ હેક્ટર વિસ્તારમાં ખજૂર અને એપલબોર નો પાક ઉગાડ્યો હતો. તેઓ છેલ્લા ૫-૬ વર્ષથી ૧.૩૦  હેક્ટર ૨૨૩ છોડ એપલ બોર ના તથા ૧૨૭ છોડ બરહી જાતની ખજુર વાવ માં આવી હતી. જેમાંથી ૬૦ થી ૭૦ કિગ્રા એપલ બોર અને ૭૦ કિગ્રા ખજુર નું એક છોડવા માંથી ઉત્પાદન મેળવેલ છે. જેમાંથી અનિલભાઈ એ સારા માં સારી આવક મેળવેલ છે.

**અનિલભાઈના ૧.૩૦ હેક્ટર જમીનના છેલ્લા બે વર્ષના ઉત્પાદન ડેટા.**

| પાક | પ્રોડ./ પ્લાન્ટ (કિગ્રા) | ઉત્પાદન/ હેક્ટર. | દર/કિગ્રા | આવક / હેક્ટર | ખર્ચ / હેક્ટર. | નફો |
|---|---|---|---|---|---|---|
| એપલ બોર | ૬૫ | ૧૪૪૯૫ કિલો. | ૩૫ | ૫,૦૭,૩ ૨૫ | ૧,૫૦,૦૦૦ | ૩.૫૭ લાખ |
| ખજૂર | ૬૦ | ૭૬૨૦ કિગ્રા | ૧૦૦ | ૮,૬૨,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૬.૬૨ લાખ |
| એપલ બોર | ૭૦ | ૧૫૬૧૦ કિગ્રા | ૪૦ | ૬,૨૪,૪૦૦ | ૨,૦૦,૦૦૦ | ૪.૨૪ લાખ |
| ખજૂર | ૭૦ | ૮૮૯૦ કિગ્રા | ૧૦૦ | ૮,૮૯,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૬.૮૯ લાખ |



